

# પ્રણયોત્સવ

પારસ પટેલની કાવ્ય રચનાઓ

ભાગ–૨



અર્પણ

કુદરતને કેમેરામાં કંડારવાની કળામાં પારંગત

મારા વ્હાલા દીકરા ચિ.પ્રણયને...

FIRST EDITION:
JANUARY 2023

PUBLISHED BY:
PRAVEG LIMITED, AHMEDABAD

COPYRIGHT© BY PARAS PATEL



પ્રણયોત્સવના પ્રથમ ભાગને મળેલ પ્રતિભાવથી પ્રોત્સાહિત થઈને આજે પ્રણયોત્સવ ભાગ-૨ પ્રકાશિત થઈ રહ્યો છે. જેનો મને ખૂબ આનંદ છે. મારા પ્રથમ કાવ્યસંગ્રહની તર્જ ઉપર રચાયેલાં ગ્રામ્ય જીવનનાં લાગણી ચિત્રોનો આ બીજો ભાગ છે જેમાં દરેક પાને ડાબી બાજુએ એક મુક્તક અને જમણી બાજુએ પૂર્ણ કાવ્ય રચના પ્રસ્તુત છે. આશા છે કે આપ સૌને પ્રણયોત્સવ ભાગ-૨ પસંદ પડશે.

પારસ પટેલ
અમદાવાદ
તા. ૨૯/૧/૨૦૨૩, રવિવાર

# પ્રણયોત્સવ 2.0 એટલે કવિતાનું મેઘધનુષ્ય...

કવિતારસિકોને પારસ પટેલ નામ સાવ અજાણ્યું નથી. આ એમનો બીજો કાવ્યસંગ્રહ છે. પહેલો કાવ્યસંગ્રહ પણ પ્રણયોત્સવ હતો, આ પ્રણયોત્સવ 2.0 છે, ટેકનોલોજીની ભાષા છે પણ યુગની ભાષા બની છે એટલે પ્રણયના આ બીજા અવતારે ઉજવાયેલા શબ્દના ઉત્સવને અહીં ઓળખવાનો આ પ્રવેશક છે.

કૃતિલક્ષી વિવેચકો કહે છે કે કવિતાને સાવ સ્વતંત્ર અભિવ્યક્તિ-યુનિટ ગણી અવલોકવું જોઇએ. હું અહીં સાવ અલગ રીતે જોવા માગું છું કારણ મને લાગે છે આ કવિની પ્રણયયાત્રા જેણે જોઇ હોય, અનુભવી હોય એવા કાવ્યભાવક તરીકે કવિતાને કવિથી છૂટી પાડીને વાંચવાનું સાહસ કરવા જેવું નથી એટલે નથી કરતો.

આ પ્રસ્તાવના નથી, પ્રવેશક છે. કવિને હું નિકટથી ઓળખું છું અને એમનો શબ્દ પરિવારનો શબ્દ છે, એમાં ઉત્સવોની ઉજવણી અને કોરોનાની કટોકટીના શબ્દો સ્ટેજ પર આવીને ઊભા છે અને એટલે આ પ્રવેશક એક ‘બારણું’ છે. જેમ બારણાને ઘરની સાથે જ જોવું પડે એમ આ કવિતાઓને કવિની સાથે અને કવિની સાક્ષીએ જોવી જોઇએ. એનો આ એક પ્રયોગ અને પ્રયત્ન છે. અને બારણાનું સત્ય એ છે કે એ બહારના વિશ્વને આમંત્રે છે, એક અનંત આભની શક્યતાને ખોલી આપે છે. પણ બીજી રીતે જોઇએ તો જગતબારણું ખૂલતાં જ ઘરનું માંહ્યલું ઐશ્વર્ય જગતને દેખાય છે. જન્માષ્ટમીએ મધરાતે બારણું ખૂલે છે ત્યારે શબ્દો ઊછળી પડે છે. અને એટલે કવિતા કે કવિતાસંગ્રહ એક અનોખું બારણું છે, બારી છે.

કવિની કવિતા શબ્દના એક મહાનગરનું ઉપનગર -પરગણું છે, એમાં ઉપરના સ્તરે વિષયો બદલાય છે પણ ઉપનગરની ભોંય નીચે એક નદી વહે છે એ પ્રણયની નદી છે, પ્રેમની સરિતા છે. આ પંક્તિ કવિની ઉર્મિલતાને કેવી અદ્ભુત રીતે રજૂ કરે છે તે જોઇએ... પંક્તિ કંઇક આવી છે...

તારી તસવીરે કાળું ટપકું કરવા,
આંખોમાં આંજેલું થોડું કાજળ લખ!

અહીં કેવી રીતે ચિત્ર ઉપસે છે ! તારી તસવીર છે, એને કાળું ટપકું કરવાનું છે જેથી કોઇની નજર ના લાગે.. તારી તસવીર પણ એટલી રૂપવતી છે અથવા મારા માટે મૂલ્યવાન છે. તો ચાલો, કાજળ લાવ, આ મોંઘીમૂલી તસવીરને ટપકું કરીએ. પણ કવિ કહે છે, કાજળ લખ. અને ક્યું કાજળ છે? તો કહે, (તારી) આંખોમાં આંજેલું થોડું કાજળ લખ. તારી આંખોમાં આંજેલા કાજળથી તું 'કાજળ', (એટલું) લખીશ એટલે તારી (મને અત્યંત પ્રિય) તસવીરને કાળું ટપકું થઈ જશે... આ કવિની ગતિ છે, નિર્જીવ તસવીરનું સૌંદર્ય છલકાય છે, એને કાળું ટપકું કરવા માટે પ્રિયતમાની આંખોનું કાજળ લખવા માત્રથી ટપકું થઈ જશે એવું સમજાય છે. 'વિરહ'ના ભાવને એક નોખી રીતે દર્શાવવાનું આ કવિકર્મ ભાવકને એક જુદા જ સ્પર્શની દુનિયામાં જગાડે છે.

કવિ વર્તમાનનો મહિમા ગાનાર છે, એમને જીવાતા જીવનમાં રસ છે. તો બીજી બાજુ કોવિડોત્તર સમય અપાર મનોવેદનાઓની સ્મૃતિથી ભારેખમ બન્યો છે. છાપાઓના ખૂણે સમાજમાં કંટાળેલાઓએ આપઘાત કર્યાના સમાચારો છલકાય છે ત્યારે વર્તમાનને હરાવી જતી ભાવિની ભારેખમ આશાઓ મૃત્યુના ભયને ઓળંગવાની હિંમત કરાવે છે. પણ પારસભાઈની વર્તમાનમાં કે જીવતી ક્ષણમાં જે શ્રધ્ધા છે એનો રણકો અહીં સંભળાય છે. સાંભળો...

સ્વર્ગની વાતો વડે અંજાઈને,
આયખું સંકેલવા જેવું નથી !

પારસભાઈ મૂળ તો મહેસાણાના એક ગામની ધૂળના માણસ. એમની વાણી અને વર્તનમાં, કથ્ય અને કવિતામાં સતત એ ગ્રામ્ય સંસ્કૃતિ અને ગ્રામ્ય જીવનની સ્મૃતિનો સળવળાટ સંભળાયા કરે છે. પ્રસ્તાવનાકાર તરીકે મેં એકાદ પંક્તિ લખી દીધી હોત તો ચાલત પણ આ વેદનાને સાંગોપાંગ પામવી હોય તો મારા વાચકોને મારે આખી કવિતા ઉતારવી છે. અહીં એક પછી એક શેરમાં જે જુદા જુદા વિરહો છે અને એની સાથે તરછોડી / છોડી / તોડી જેવા ક્રિયાપદો કવિની વેદનાને અણિયાળી બનાવે છે. ઉઘાડમાં જ કવિ ભર્યો દરબાર છોડીને આવ્યા છે એની છડી પોકારાય છે.

અમે ઘરબારને છોડી કમાવા શ્હેરમાં આવ્યા,
ભર્યા દરબારને છોડી કમાવા શ્હેરમાં આવ્યા.

ચરણની રજ અમે મા-બાપની માથે ચડાવીને,
છતાં મા-બાપ તરછોડી કમાવા શ્હેરમાં આવ્યા.

હજી સપના મહીં ભેરુ અમારો દાવ માગે છે,
અધૂરો દાવ જે છોડી કમાવા શ્હેરમાં આવ્યા!

લીલાંછમ ખેતરો ને ગાય-ભેંસોની બધી દોલત,
ખરા કલદારને છોડી કમાવા શ્હેરમાં આવ્યા.

મળી જ્યાં આંખથી આંખો; અધૂરી પ્રેમની વાર્તા,
હૃદયના તારને તોડી કમાવા શ્હેરમાં આવ્યા!

વતન સાથે જ વટ, વ્હેવારને ત્હેવાર પણ છૂટ્યા,
હવે તો હાથ બે જોડી કમાવા શ્હેરમાં આવ્યા!

પારસભાઈ સૂક્ષ્મ હાસ્યના વ્યક્તિ છે, એ વનલાઇનર્સ થકી કે પરિસ્થિતિજન્ય હાસ્ય નિપજાવવામાં સફળ રહે છે. અહીં 'ઘર' અને 'સાપના દર'ની વાતથી, પોઝિશનિંગથી મરક મરક હાસ્ય અને પછી અર્થાર્થોનો એક વિસ્તાર ખૂલે છે.

કેટલો લાંબો સમય ઘરમાં રહ્યો?
એમ લાગ્યું; સાપના દરમાં રહ્યો!

પારસભાઈના રોમાંચ ભરેલા પ્રણયકાવ્યો એમની ઊંડી સંવેદનભૂમિને ઉઘાડી આપે છે. આ સંગ્રહનું ખૂબ જ ધ્યાનાકર્ષક કાવ્ય 'એક છોકરી' છે. રમેશ પારેખની અદાથી રમતિયાળ આ કાવ્ય કેવી રીતે સંગીત, અધ્યાત્મ, પ્રેમ, ઋતુ અને કટાક્ષને કાવ્યબાનીમાં પરોવે છે તેની પારસછટાઓ અહીં ઉદાહરણ સાથે જોવાથી આખી કૃતિ અત્યંત સંવેદ્ય બને છે.

સંગીત - એ હસે તો એકદમ સિતાર જેવી છોકરી,
આંખથી સંભાળજે; તલવાર જેવી છોકરી!

અધ્યાત્મ - કૈંક હેમાળે જઈને હાડ ગાળી નાખતા,
ને બધા ઉપનિષદોના સાર જેવી છોકરી!

પ્રેમ - કેટલા તૈયાર છે કંડારવા તેજોમહલ?
એકદમ મુમતાઝના અવતાર જેવી છોકરી!

ઋતુ - મોરપીંછા હાથમાં લઈ છોકરા ટહુકા કરે,
ક્યાંક જો વરસે અષાઢી ધાર જેવી છોકરી!

કટાક્ષ - ચાંદ ને તારા બતાવે પણ કશું આપે નહીં,
આપણા આ દેશની સરકાર જેવી છોકરી!

તો એક બીજા કાવ્યમાં વાયરાના માધ્યમથી રજૂ થતી પ્રેમ-હરકતો એ જ રમતિયાળ ઠઠારાથી અભિવ્યક્ત થઈ રહી છે. એમની લટ પંપાળી હતી ત્યારથી વાયરાએ આ પ્રેમીને દાઢમાં રાખે છે એ કલ્પન સર્જ-ઊર્જાનો સંસ્પર્શ કરાવે છે. આ કાવ્યમાં પ્રેમની નાજુક ક્ષણોની જેમ જ સહજતાથી ક્ષણભંગુર પ્રેમની વાત પણ પારસભાઈ સરસ રીતે કરે છે.

પ્રેમનાં ગીતો બધે ગાતો ફરે છે વાયરો,
ને બધેથી ઠોકરો ખાતો ફરે છે વાયરો!

એમની લટ સ્હેજ પંપાળી હતી મેં ત્યારથી,
દાઢમાં રાખીને કતરાતો ફરે છે વાયરો!

રેશમી ગાલે શરમના શેરડા ચૂમ્યા હશે,
એટલે તો રોજ શરમાતો ફરે છે વાયરો!

માત્ર દીવાના ભરોસે રાત કાઢીશું સનમ?
આટલામાં ક્યાંય સંતાતો ફરે છે વાયરો!

જે તરફનો હો પવન સૌ એ તરફ દોડી રહ્યા,
ને અચાનક રોજ બદલાતો ફરે છે વાયરો!

આ પ્રણયકાવ્યોના ઝુમખામાં એક અદ્ભુત જેને 'પ્રોફેટિક પોએટ્રી' કહી શકાય એવી અવલોકનોની ગહરાઇઓ સાથે આ કાવ્ય રજૂ થાય છે. મહોબતને આટલા શબ્દ પ્રયોગોથી ખોલી આપવાનું આ ગઝલકર્મ મોટા ગજાના કવિનું લક્ષણ બતાવે છે.

હસાવે છે, રડાવે છે, નચાવે છે, નઠારી છે,
તમાશાઓ કરાવે છે, મહોબત તો મદારી છે!

તમારી એક ના પર જિંદગી બરબાદ! એ કરતાં,
મનોમન ચાહવાની આ અવસ્થા ખૂબ સારી છે!

ગ્રહો બદલાય છે કાયમ, ગ્રહોની ચાલ ન્યારી છે,
અમારા ઘર તરફથી આવ-જા એણે વધારી છે!

તમારું નામ લીધું ને સભામાં વાહવાહી છે,
ગઝલ મેં સંભળાવી તો કહે છે કે લવારી છે!

મહોબતમાં અમારી રોજ સિંહોની સવારી છે,
છતાં એકંદરે આખોય સોદો લાભકારી છે!

વેદના અને ઓળખ કટોકટી... કોઈપણ કવિની વેદનાનો ખૂણો એની કાવ્યગતિનો માઈલસ્ટોન બની રહે છે. અહીં એક જ મુક્તક જેવો શેર આખી વાતને આવી રીતે ઉઘાડી આપે છે.

હિમાલયના શિખર જેવી અમારી વેદનાઓ છે,
કદી ના ઓગળે એવી અમારી વેદનાઓ છે.

એવી જ રીતે આજે જે ઓળખ કટોકટી ચાલે છે એનાથી પણ કવિ અસ્પૃશ્ય રહ્યા નથી. એમની આ આયના કવિતાની અસરકારકતા ઊડીને આંખે વળગે છે.

તું સતત જોયા કરે તો ગેરસમજણ થાય છે,
આયનાઓમાં હવે તો રોજ ચણભણ થાય છે!

આ કવિ સમકાલીન સમસ્યાઓને સ્પર્શવા ગીતનો લય પકડીને એક ઉત્તમ કાવ્ય આપે છે. કોરોના એ મનુષ્યની વણથંભી વણઝાર જતી હતી ત્યારે જાણે કે બિલાડું આડું ઊતર્યું હોય એવી અનુભૂતિ થાય છે. આખા ગીતમાં વહેતા શ્રીકૃષ્ણ અને આધુનિક જીવનની કોવિડોત્તર વિડંબના રજૂ થઈ છે. ગીતના લય પરથી કવિની પુખ્ત થતી કલમનો કસબ પણ આ ગીતમાં જોવા મળે છે.

કોરોના અને કૃષ્ણ

ટચલી આંગળીએ હું પર્વત ઉપાડું,
પણ કોરોના કેમ કરી કાઢું?
એક બિલાડું ઊતર્યું છે આડું!

હું યે પુરાયો છું, મંદિરે આજ ભલા,
મુજને પણ જીવની પડી છે!
ભૂરી બિલાડીનું ભૂરું છે નાક છતાં,
દુનિયામાં સૌને નડી છે!

જમના નદીમાં કાળીનાગ નાથું,
પણ કોરોનો કેમ કરી નાથું?
એક બિલાડું ઊતર્યું છે આડું!

મુખડું છુપાવીને; દો ગજની દૂરીથી,
રાધાએ વાતો કરી છે!
વાસીદું વાળીને, વાસણ અજવાળીને,
ભક્તોની આંખો રડી છે!

અન્યાય સામે હું યુદ્ધો જીતાડું,
પણ કોરોના કેમ કરી કાઢું?
એક બિલાડું ઊતર્યું છે આડું!

કવિ પારસભાઈ એક સફળ ઉદ્યોગ સાહસિક છે તેમ છતાં એમણે એમની સાધારણતા સહજ રીતે સાચવી છે. એક સરસ લયમાં લખાયેલી આ ગઝલ આજના શહેરી મનુષ્યની સમાજ પ્રત્યેની લાગણી અને પોતાનાં અરમાનો વચ્ચે 'બેલેન્સ' સાધવાની કવાયત આ કાવ્યમાં સંતર્પક રીતે રજૂ થઈ છે.

નાનાં-નાનાં સુખોના સરવાળા કરતો માણસ છું,
હું મારા ઘરમાં પંખીના માળા કરતો માણસ છું!

મ્હેલ અમારો વેચીને મેં શાળાઓ બંધાવી છે,
ભીડ પડે તો કર જોડીને ફાળા કરતો માણસ છું!

કોઈ રડતા બાળકને છાનું રાખું તો ખૂબ થયું,
એ માટે હું જોકર જેવા ચાળા કરતો માણસ છું!

નફરતના એ ધસમસતા રેલાને અટકા'વા માટે,
પ્રેમ-કરુણાની માટીના પાળા કરતો માણસ છું!

અંધારું જામ્યું જે ઘરમાં કારણ ચાહે કોઈ હો,
પોતાને બાળીને ત્યાં અજવાળાં કરતો માણસ છું!

આમ આ પ્રણયોત્સવ 2.0 એ એક પ્રયોગાત્મક અને લયશીલ કાવ્યગ્રંથ છે. કવિ તરીકે પારસભાઈ કાઠું કાઢી ચુક્યા છે અને આ કાવ્યસંગ્રહમાં એમણે રજૂ કરેલું મેઘધનુષ્ય 'કવિતાનું મેઘધનુષ્ય' રચી આપે છે.

આ પ્રણયોત્સવનું પ્રભાવક પ્રગટ થવું આનંદ આપે છે, એનું સહર્ષ સ્વાગત કરું છું.

કવિશ્રી પારસ પટેલને અભિનંદન સાથે શુભકામનાઓ...

ભાગ્યેશ જહા
ગાંધીનગર
જાન્યુઆરી, ૨૦૨૩

# પ્રણયોત્સવ

**પારસ પટેલની કાવ્ય રચનાઓ**

ભાગ-૨


૧ ઢીંગલા ને ઢીંગલીના પ્યાર જેવી જિંદગી!
૨ એમની બારાત આવી ગામમાં
૩ છોકરીને આજથી સત્તર થયાં
૪ હું ગઝલ ને તું ગઝલ, આ આપણી જોડી ગઝલ
૫ ચોમાસું જામ્યું છે; ભીનો કાગળ લખ
૬ સુખની ચાવી
૭ બડો બાદશાહી ખજાનો મળ્યો છે
૮ મેં તને ચાહી નથી, એવું નથી
૯ આખેઆખાં શ્હેર બળે છે, આ તે કેવી હોળી છે?
૧૦ કૈંક એની ચાલ પર શંકા કરે
૧૧ અમારા જામની સાથે તમારા નામની વાતો
૧૨ મારા કાગળો
૧૩ એકદમ ટાઢક વળે છે તાપમાં
૧૪ સમી સાંજ ને આ કથા આદરી છે
૧૫ અમારી વેદના
૧૬ ચોઘડિયું આજ જો સારું મળે
૧૭ એકલી રાધા નથી જે શ્યામની ઓળખ બની
૧૮ એમને આઠે પ્રહર શિકારનું વરદાન છે!
૧૯ કોઈ ને કોઈ બહાને એ મને મળતી રહી
૨૦ કૈંક લોઢાના ચણા એ દાંતમાં આવ્યા હશે
૨૧ આવો તમે હમેશાં; સાથે બહાર લૈને

૨૨ ગુલાબી ફૂલને જોઈ વફાઓ યાદ આવી છે
૨૩ આયનામાં એ સતત તાકી રહી
૨૪ દિવસે ટહુકે અને રાતે રડી છે બાગમાં
૨૫ ફૂલની કોમળ પથારી પાથરી છે બાગમાં
૨૬ મોરપીંછાં ઓઢતી સુંદર પરી છે બાગમાં
૨૭ તમે આવવાના સમાચાર આવ્યા
૨૮ છોકરીની આંખમાં જો; ઝેર જેવું કેમ છે?
૨૯ વાયરો કેવો વસંતી થૈ ગયો!
૩૦ વરસતા પાણી મહીં ભીંજાય ચોમાસું સતત
૩૧ મ્હેલ જેવું એક મંજર હોય જો
૩૨ ફૂલની સુંદર મજાની નાતના સમ છે તને
૩૩ નામ તારું હાથમાં છાપી દઉં તો શું થશે?
૩૪ એમની આંખે ચડ્યો છું એકલો
૩૫ ઉત્તરાયણ
૩૬ કોઈ પણ કાનૂન-બંધારણ વગર
૩૭ કોરોના
૩૮ કેટલો લાંબો સમય ઘરમાં રહ્યો?
૩૯ કૈંક તો છે; સ્હેજ ફિક્કો તાજ લાગે છે ભલા
૪૦ રાતભર દીવા થયા મંદિરમાં
૪૧ એક છોકરીના ગાલેથી ઊડે ગુલાલ
૪૨ મજદૂરી - મજબૂરી
૪૩ તમારું સ્મિત જોઈને હસે છે ચાંદ ને તારા
૪૪ સાવ નીચી ડાળ છે, માળો ન કર
૪૫ કેટલાયે ઘૂંટ કડવા બેફિકર થઈ પી ગયો
૪૬ તાપમાં...

૪૭ ગામ આખું સળવળે છે તાપમાં
૪૮ પ્યારમાં એવો નકામો થૈ ગયો
૪૯ પ્રેમની વેણુ વગાડે વાયરો
૫૦ બધી જિંદગીની સફર યાદ આવી
૫૧ રાતવાસો
૫૨ મોરલી
૫૩ ગામડા ને શ્હેરની વચમાં રહ્યો
૫૪ કૃષ્ણ વેદના
૫૫ તમે આવો અને મ્હેકી ઊઠે મોસમ, તમારા સમ!
૫૬ રાતરાણીના સુગંધી તેલ જેવી છોકરી
૫૭ એ હસે તો એકદમ સિતાર જેવી છોકરી
૫૮ ગામ આખું ઝગમગાવે છે મને સળગાવવા
૫૯ ગામની વચ્ચે મજાની એક શેરી યાદ છે
૬૦ એ તરફ ને આ તરફ સરખી મજૂરી થાય છે
૬૧ તું જ કરજે પ્હેલ, એનું મન કદી કહેતું નથી
૬૨ આંગળી પર ગોવર્ધનના ભારનો વૈભવ હતો
૬૩ કોઈ કે'છે સોળ ને કોઈ કહે સત્તર થયાં
૬૪ સોળમા વરસે જ એનું ખૂબ મોટું નામ છે
૬૫ અંદર અંદર લોહીના ઉકાળા કરતો આવ્યો છું
૬૬ નાના-નાના સુખોના સરવાળા કરતો માણસ છું
૬૭ કાચના આ દિલ ઉપર કૈં ઘાવ કરતા જાય છે
૬૮ હસાવે છે, રડાવે છે, નચાવે છે, નઠારી છે
૬૯ એમના વિશે સતત વિચારવાની આદતો
૭૦ પ્રેમના ગીતો બધે ગાતો ફરે છે વાયરો
૭૧ આમ જુઓ તો પથ્થર લાગે

આ અમીરી ઠાઠની
કિંમત મને મોંઘી પડી,

મેં વતનની ધૂળ સાથે
યાર ખોયા છે ઘણા!



## ૧

ઢીંગલા ને ઢીંગલીના પ્યાર જેવી જિંદગી!
ને પછી આગળ જતાં વેપાર જેવી જિંદગી!

ફૂલ જેવું સાવ કોમળ આ હૃદય આપ્યું પછી,
કેમ પકડાવી પ્રભુ તલવાર જેવી જિંદગી?

કૈંક યુગો જોઈએ આ ગઝલને શણગારવા,
ને મળી છે આંખના પલકાર જેવી જિંદગી!

સ્વર્ગની શું કામ તું ચિંતા કરે ઓ માનવી?
મન ભરીને માણ આ ત્હેવાર જેવી જિંદગી!

કોઈને ક્યારેય પણ એ છોડવી ગમતી નથી,
એકદમ નાજુક-નમણી નાર જેવી જિંદગી!

તું ભલા બ્રહ્માંડની ઉંમર ગણી શું ફીણશે?
છે અમીબાના અહીં આકાર જેવી જિંદગી!



હાથ જોડીને કદી પણ
મેં કશું માગ્યું નથી,

એટલે ભગવાન આવો
મ્હેરબાં રહેતો હશે!



## ૨


એમની બારાત આવી ગામમાં,
લ્યો; કતલની રાત આવી ગામમાં!

ઢોલના ધબકારમાં ઘોડે ચડી,
ખૂબ મોટી ઘાત આવી ગામમાં!

કૈંક છોરા મૂછ મૂંડાવી રહ્યા,
કૈંક રોયા, વાત આવી ગામમાં!

ગામ આખાનો ખજાનો લૂંટવા,
ચોરટાની નાત આવી ગામમાં!

જાય પાછી જાન લીલા તોરણે,
તો કહું તાકાત આવી ગામમાં!



આમ ના તાકી રહે
મારી તરફ,

મા નથી ઘરમાં
નજર ઉતારવા!



## ૩

છોકરીને આજથી સત્તર થયાં,
ગામનાં કૈં છોકરાં અત્તર થયાં!

કેટલાએ મૂછને ઊંચી કરી,
કેટલા પાની ઉપર અધ્ધર થયાં!

કૈંક ભેગા થૈ બનાવે ટોળકી,
કૈંક રાતોરાત બળવત્તર થયાં!

ક્યાંક સૂકાં ઝાડને કૂંપળ ફૂટી,
ક્યાંક પોલાં લાકડાં નક્કર થયાં!

જે ગલીમાં છોકરીનું ઘર હતું,
એ ગલીના ડોસલાં અક્કડ થયાં!

છોકરીની આંખથી આંખો મળે,
એ બધાંયે છોકરાં પથ્થર થયાં!



આ સવારે મેં
નવી રીતે જ પ્રાણાયામ કર્યા,

એમને પ્રત્યેક શ્વાસે
ચાહવા નિયમ કર્યા !



૪

હું ગઝલ ને તું ગઝલ, આ આપણી જોડી ગઝલ,
પ્રેમ સાગરને તરી લે, આપણી હોડી ગઝલ!

તું કહે તો લે; હૃદય ચીરી બતાવું છું તને,
ત્યાં હશે તારી છબિ ને સાથમાં થોડી ગઝલ!

મેં ઉતાવળ આજ મળવામાં કરી નાખી સનમ,
શું કહું? પ્હોંચી ગયો હું ને પડી મોડી ગઝલ!

કેટલા આંસુ અને કૈં જામ ઢોળાઈ ગયા,
મેં કુતૂહલવશ થઈને ફૂલથી ફોડી ગઝલ!

આજીવન તું પ્રેમની આશા કદી ના રાખતો,
ભૂલથી જો જિંદગીમાં ક્યાંય તરછોડી ગઝલ!

રોજની કચકચ જવા દે; ઘા કર્યો લે જામનો,
તે છતાં જીવી જવાશે, મેં નથી છોડી ગઝલ!



કાં મને તાકી રહે;
કાં બેવફા થઈ જા સનમ,

એ વગર કોઈ ગઝલ
લખવી હવે સંભવ નથી.



## ૫

ચોમાસું જામ્યું છે; ભીનો કાગળ લખ,
વરસાદી રાતોની આકળ-વિકળ લખ!

તારી જેમ જ ફોરાંથી હું દાઝું છું,
તન-મનને ભીંજાવે એવું વાદળ લખ!

મારા ઘરનાં ફૂલ હજી પણ કોરાં છે,
તારા ઘરનાં ફૂલ ઉપરનું ઝાકળ લખ!

મારા નામે તેં વાવેલા છોડ ઉપર,
યાદોની તાજી ફૂટેલી કૂંપળ લખ!

તારી તસવીરે કાળું ટપકું કરવા,
આંખોમાં આંજેલું થોડું કાજળ લખ!



એમની ડોલી ઊઠી ને
ગામ નોધારું થયું,

સૂર્યને જાણે ગ્રહણ
લાગ્યું ને અંધારું થયું!



૬

## સુખની ચાવી

ઘરડાઘરમાં વૃદ્ધો સાથે વાતો કર,
પરમેશ્વરની સાથે સીધો નાતો કર!

પારેવાને પકડી બિલ્લી ભાગી છે,
ખાલી હાથે અમથો અમથો ઘા તો કર.

અબળાને છોડી દાનવ દોડી જશે,
હિંમત રાખી તું થોડી હો-હા તો કર.

ધન-વૈભવથી ચેન મળે ના ક્યાંય અગર,
તો તારા હાથે થોડી ખેરાતો કર.

બે પૈસાની ગોળી સુખની ચાવી છે,
બાળકને છાનો રાખી દે, આ તો કર!



અપ્સરાઓ ને મદિરા
ખૂબ મળશે સ્વર્ગમાં,

બસ ગઝલનો ગ્રંથ સાથે
લૈ જવા દે શામળા!



## ૭


બડો બાદશાહી ખજાનો મળ્યો છે,
મને એક કાગળ મજાનો મળ્યો છે!

કદી ના નજરથી નજર એ મિલાવે,
હવે ફ઼ાયદો એ સજાનો મળ્યો છે!

ખૂલાં દ્વાર છે રૂપની દોલતોના,
લૂટારોય મોટા ગજાનો મળ્યો છે!

હવેલીમાં એની વિના રોકટોકે,
ઈજારો મને આવ-જાનો મળ્યો છે!

હતી બે ઘડી પ્યારની આશ મારી,
અને એક આખો જમાનો મળ્યો છે!



ભરબજારે આમ કોઈ
લૂટ આચરતું હશે?

કૈંક નિઃસાસા પડ્યા છે
એમની બારાત પર!



## ૮

મેં તને ચાહી નથી, એવું નથી,
આગ સાથે ખેલવા જેવું નથી!

લે હવે આ કાગળો; પાછા પકડ,
સાપ છૂટા મેલવા જેવું નથી!

જે ન વંચાયું તમારી આંખમાં,
જોર દઈ ઉકેલવા જેવું નથી!

એ ગલી તારા ઘરે લઈ જાય છે,
રોજ ત્યાં ટહેલવા જેવું નથી!

સ્વર્ગની વાતો વડે અંજાઈને,
આયખું સંકેલવા જેવું નથી!



મયકદાઓ ને મહોબત
ખૂબ અજમાવ્યા અમે,

પણ ગઝલ જેવી મજા
એકેયમાં આવી નહીં!

## ૯


આખેઆખાં શ્હેર બળે છે, આ તે કેવી હોળી છે?
માનવતા ચોફેર મરે છે, આ તે કેવી હોળી છે?

આ બાજુ હું રંગોના કૂંડાં ભરતો; ને એ બાજુ,
પિચકારીમાં ઝેર ભરે છે, આ તે કેવી હોળી છે?

કેસૂડાનું ફૂલ મજાનું આપ્યું મેં તો બદલામાં,
ખંજર મારી ઢેર કરે છે, આ તે કેવી હોળી છે?

હૈયેહૈયું દાબીને જે હોળીમાં હરખાતા'તા,
ભાઈ-ભાઈ વેર કરે છે, આ તે કેવી હોળી છે?

સમજણના દીવાથી ઓળખ આતંકી અંધારાને,
ક્યાંક ઠરે ને ક્યાંક બળે છે આ તે કેવી હોળી છે?



બાળકો આજે ફરી
ખાધા વગર ઊંઘી ગયાં,

ભોજનાલયમાં હજી
મા રોટલી વણતી રહી!



## ૧૦

કૈંક એની ચાલ પર શંકા કરે,
કૈંક મારા હાલ પર શંકા કરે!

હોઠ મારા સાવ સૂકા જોઈને,
કૈંક એના ગાલ પર શંકા કરે!

ગૂંચ એના વાળમાં જોયા પછી,
કૈંક મારા હાથ પર શંકા કરે!

સાદ મારા નામનો એ પાડતા,
કૈંક પોતે કાન પર શંકા કરે!

આંખથી એ ખૂબ તારાજી કરે,
કૈંક તો તોફાન પર શંકા કરે!

જો નશામાં નામ એનું ના લઉં,
કૈંક મારા જામ પર શંકા કરે!



મયકદે તાળા અને
માશૂક મારા બેવફા,

પણ ગઝલરાણી, તમે છો
તો પછી ચિંતા નથી!



## ૧૧

અમારા જામની સાથે તમારા નામની વાતો,
હવે શું કામની મારે ભલા ઈમામની વાતો?

મને સળગાવવાની એક તક છોડી નથી એણે,
અમારી હાજરી જોઈ કરે છે ગામની વાતો.

અમારા નામના ઉલ્લેખથી ચાલુ કરીને એ,
જમાવે પ્રેમઘેલી ગોપીઓ ને શ્યામની વાતો.

નથી આ 'પ્રેમ' સીધા માનવીના કામની વાતો,
ડરે જે સાંભળીને પ્રેમના અંજામની વાતો.

તવાયફના નગરમાં પ્રેમ કરવાનું પડ્યું ભારે,
કરે છે રોજ રાતે એ હવે ઈનામની વાતો.



આટલી શંકા ન કર
મારી વફ઼ા પર તું સનમ,

ભક્તને ભગવાન શંકાથી
કદી જોતા નથી!

૧૨

## મારા કાગળો

પ્રેમની શાહી ઢળેલા કાગળો,
કેટલા વરસે મળેલા કાગળો!


છે ગુલાબી હોઠની છાપો હજી,
ને જરા પીળા પડેલા કાગળો!

ક્યાંક એના રૂપની તારીફ છે,
ચોતરફ ફાટી ગયેલા કાગળો!

કેવડાની છાંયમાં બેસી લખ્યા,
એકલું અત્તર ભરેલા કાગળો!

હું હૃદય પર રોજ દાબી રાખતો,
ગરમ શ્વાસોથી બળેલા કાગળો!

એમને આપી શક્યો ના હું કદી,
દેવના ચરણે ધરેલા કાગળો!



અમારો હાથ એણે
હાથમાં લઈ સ્હેજ જ્યાં દાબ્યો,

ઉમળકામાં મને
બ્હોળો અનુભવ સાફ દેખાયો !



## ૧૩

એકદમ ટાઢક વળે છે તાપમાં,
એ અગર સામે મળે છે તાપમાં!

લ્હાય જેવી છોકરીને શું થયું?
હિમ જેવું ઓગળે છે તાપમાં!

ભરબપોરે કેમ સૌ ટોળે વળ્યા?
ગામમાં એ નીકળે છે તાપમાં.

ગામ એને; એ મને તાકી રહે,
સળગતામાં ઘી ભળે છે તાપમાં!

દિલ બળે એનું અમારી યાદમાં,
એ જ વાતે સૌ બળે છે તાપમાં!



વાત ના કરતો
ગઝલરાણી વિશે તું એમને,

થૈ જશે નારાજ તો
સંભાળવાં ભારે થશે!



# ૧૪

સમી સાંજ ને આ કથા આદરી છે,
અમે ખામખા આ વ્યથા આદરી છે!

હજી દૂર કોયલ ટહૂકા કરે છે,
અજાણી નવી વારતા આદરી છે!

નથી એ તડપ, એ તરસ, એ તસલ્લી,
છતાંયે બધી આ જફા આદરી છે!

બહારો બધી બેવફા થઈ ગઈ ને,
હવે પાનખરમાં વફા આદરી છે!

લખ્યું ગીત મેં ફૂલની તારીફોમાં,
જમાનો કહે છે ખતા આદરી છે!



કૈંક લોહીના
ઉકાળા થાય છે!

એ પછી કોઈ
ગઝલ સર્જાય છે!



૧૫

## અમારી વેદના

અમે ઘરબારને છોડી કમાવા શ્હેરમાં આવ્યા,
ભર્યા દરબારને છોડી કમાવા શ્હેરમાં આવ્યા.

ચરણની રજ અમે મા-બાપની માથે ચડાવીને,
છતાં મા-બાપ તરછોડી કમાવા શ્હેરમાં આવ્યા.

હજી સપના મહીં ભેરુ અમારો દાવ માગે છે,
અધૂરો દાવ જે છોડી કમાવા શ્હેરમાં આવ્યા!

લીલાંછમ ખેતરો ને ગાય-ભેંસોની બધી દોલત,
ખરા કલદારને છોડી કમાવા શ્હેરમાં આવ્યા.

મળી જ્યાં આંખથી આંખો; અધૂરી પ્રેમની વાતો,
હૃદયના તારને તોડી કમાવા શ્હેરમાં આવ્યા!

વતન સાથે જ વટ, વ્હેવારને ત્હેવાર પણ છૂટ્યા,
હવે તો હાથ બે જોડી કમાવા શ્હેરમાં આવ્યા!



તું, મદિરા, ને ગઝલની
ક્યાંક જો મ્હેફિલ મળે,

તો પછી આ સ્વર્ગનું
શું કામ છે મારે ભલા?



## ૧૬

ચોઘડિયું આજ જો સારું મળે,
તું મળે, કે ક્યાંકથી દારૂ મળે.

ભર હજી આ જામ જેથી આજ પણ,
દ્વાર ખોલું એ જ ઘર મારું મળે.

ચાલ જૈએ કો'ક એવા ગામ જ્યાં,
ગામ આખું રોજ પીનારું મળે.

ઘર લગોલગ મયકદાની બાંધશું,
શરત છે; દીવાલમાં બારું મળે.

પી જવામાં શું? દરિયો પી શકું,
મન અમારું પણ પછી ખારું મળે.



રાજ કર તું દિલ ઉપર;
એ હક તને આપ્યો છતાં,

સાવ માથે ના ચડાવું;
તું ગઝલરાણી નથી!

## ૧૭


એકલી રાધા નથી જે શ્યામની ઓળખ બની,
એમના નામે અમારા ગામની ઓળખ બની!

એ મળ્યા ને ગામનો વ્યવહાર બદલાઈ ગયો,
એમ લાગ્યું ખૂબ મારા કામની ઓળખ બની!

ભૂલથી આવી ચડ્યા ને જામ લીધો હાથમાં,
એ દિવસથી મયકદામાં જામની ઓળખ બની!

બાગમાં જઈ પ્રેમીઓને રોજ પથ્થર મારતો,
આ જગતમાં ત્યારથી શેતાનની ઓળખ બની!

ના મદિરાએ અને ના તેંય અપનાવ્યો મને,
આ ગઝલ છે; જે અમારા નામની ઓળખ બની!



કૈંક કિસ્સાઓ તમારા
પ્રેમના મશહૂર છે,

પણ અમારું નામ એમાં
ક્યાંય પણ આવ્યું નથી!



## ૧૮

એમને આઠે પ્રહર શિકારનું વરદાન છે!
આંખને એની ભલા તલવારનું વરદાન છે!

ઘા કરે છે આંખથી સીધો હૃદયને ચીરતો,
ફેરવી લે આંખ જાણે એકદમ બેધ્યાન છે.

કેટલા ઘાયલ થયા કૈં મોતને ભેટી ગયા,
એમના માટે નવું આ ખેલનું મેદાન છે!

કેટલા શિકારીઓ શિકાર એનો થૈ ગયા,
કૈંકના માથે હજી પણ મોતનું ફરમાન છે!

ગામના કૈં છોકરા સંતાઈને પાછળ ફરે,
એમનું તકદીર છે કે 'એ' હજી અનજાન છે!



હાથ ઝાલી લઈ ગયા
જે બાલમંદિરે મને,

એ જ યારોના ખભે ચાલ્યો
સ્મશાને; ધન્ય હું!



## ૧૯

કોઈ ને કોઈ બહાને એ મને મળતી રહી,
એ બહાને આપણીયે માનતા ફળતી રહી!

દ્રૌપદીની જેમ જોડી હાથ કરગરતી રહી,
ને ગઝલને એ સભા ચૂપચાપ સાંભળતી રહી!

બારણે સાંકળ હવાથી ખૂબ ખળભળતી રહી,
દીવડાની જ્યોત ઘરમાં એકલી ડરતી રહી!


એ તરફ સંવેદનાઓ રોજ સળવળતી રહી,
આ તરફની વેદનામાં સ્હેજ કળ વળતી રહી!

ઘૂમટો ઓઢ્યા વગર એ બ્હાર નીકળતી રહી,
ઘોર અંધારી અમાસી રાત ઝળહળતી રહી!



સ્વર્ગની સાચી હકીકત
કોણ જાણે છે અહીં?

પણ ગઝલના રોજ ત્યાં
જલસા હશે એ સો ટકા!



## ૨૦

કૈંક લોઢાના ચણા એ દાંતમાં આવ્યા હશે,
કાગળો જ્યારે અમારા એમણે ચાવ્યા હશે!

જીવ આપી દે પરંતુ એ મને ભૂલે નહીં,
રોજ મારા નામના સોગંદ ખવડાવ્યા હશે!

ગામ આખું જાય તો પણ બારણું ખોલે નહીં,
સાદ મારા નામનો દઈ દ્વાર ખખડાવ્યા હશે!


હાર માની લે કદી એ વાત હું માનું નહીં,
તેં સુલહના વાવટામાં તીર સંતાડ્યા હશે!

આટલા ઉત્સાહથી આ કોણ સાંભળતું ગઝલ,
નામ એનું કાં કવિતા કે પછી કાવ્યા હશે!



કેમનું શોધું તમારું ઘર
અજાણ્યા ગામમાં,

ગામ આખામાં અબોલા છે
તમારા કારણે!



## ૨૧

આવો તમે હમેશાં; સાથે બહાર લૈને,
મારા હૃદય મહીં જો, વાગે સિતાર થૈને!

સંધ્યા ઢળી રહીને; દઈ બારણે ટકોરા,
આ કોણ સાદ પાડે; તાજી સવાર થૈને!

હું માગવા ગયો'તો; અંગૂઠડી મજાની,
આવી ગયા ઘરે એ; સોની બજાર થૈને!

ખેરાતના તમારા; કિસ્સા નથી અજાણ્યા,
વરસી પડો ગમે ત્યાં; સાંબેલધાર થૈને!

સોદો કરી હૃદયનો; આશા હતી નફાની,
રાતો બની ઉજાગર, મોટું ઉધાર લૈને!

આ ઝૂંપડી અમારી, થૈ જાય મ્હેલ મોટો,
પગલાં તમે કરો જો, ઉમરાવજાન થૈને!



રોજ એની એ મદિરા,
રોજ એનો એ નશો,

કેટલા યુગો થયા,
પણ કોઈ કંટાળ્યું નથી!



## ૨૨

ગુલાબી ફૂલને જોઈ વફાઓ યાદ આવી છે,
જવાનીની બધી મીઠી ખતાઓ યાદ આવી છે!

તમારા આંગણામાં કંટકોને વીણવા માટે,
ઝઘડતા છોકરાઓની કથાઓ યાદ આવી છે!

નશીલી આંખના વાંકે કંઈ નિર્દોષ દંડાયા,
સજા આપું હવે શું? કૈં દફાઓ યાદ આવી છે!

મિલનમાં ને જુદાઈમાં હૃદયમાં તુજ ધડકે છે,
પછી શું કામ આ ખોટી વ્યથાઓ યાદ આવી છે?

મજાના ફૂલની સુગંધ પાછળ આંધળા થઈને,
ફસાયેલા ભ્રમરને કૈં ખતાઓ યાદ આવી છે.

ગયું સારસ તો પાછળ સારસીએ જીવને ત્યાગ્યો,
મને એ વાત પર કૈં બેવફાઓ યાદ આવી છે!

ન ચાહ્યા કોઈને મેં, ને ન ચાહ્યા કોઈએ અમને,
પછી ફરિયાદ શું? શેની જફાઓ યાદ આવી છે?



રાખ ના ફંફોળતા મારી
ચિતાની સ્હેજ પણ,

વણબળેલા કાગળોથી
કેટલા સળગી જશે!



## ૨૩

આયનામાં એ સતત તાકી રહી,
ને મનોમન સ્હેજ મલકાતી રહી!

રાતરાણી રોજ માંડે મોરચો,
છોકરી નાજુક કરમાતી રહી!

એક ભમરો ફૂલ પર બેઠો અને,
મોગરાની ડાળ શરમાતી રહી!

આંખમિચોલી શરૂ થઈ ત્યારથી,
ભીંત સાથે રોજ ભટકાતી રહી!

ગંધ આવી ગઈ હવાને વાતની,
પ્રેમની સુગંધ ફેલાતી રહી!

ભરશિયાળે કડકડાતી ટાઢમાં,
કેમ આખી રાત શેકાતી રહી?



આમ તો વરસાદનું
પાણી હતું,

એમના ગાલે અડી
મોતી બન્યું!



૨૪

દિવસે ટહુકે અને રાતે રડી છે બાગમાં,
કોયલોને પ્રેમની લાશો જડી છે બાગમાં!

એમની સાથે પલળવાની ઘડી છે બાગમાં,
ને છતરડી એકદમ માથે પડી છે બાગમાં!

મોર, કોયલ, ફૂલ, ભમરા, ઝાડ ફરતે વેલ જો,
એક આખી પ્રેમની બારાખડી છે બાગમાં!

એ દિવસથી કંટકોના ભાવ બોલાઈ રહ્યા,
જે દિવસથી કંટકોને તું અડી છે બાગમાં!

આ ગઝલનો રંગ આજે સ્હેજ ફિક્કો લાગશે,
કો'ક સાથે એ મને આંખે ચડી છે બાગમાં!

ધૂળમાંથી હાથ લાગી એક સોનાની કડી,
ને પછી તો કૈંક યાદો તરફડી છે બાગમાં!

આટલી સુગંધ ફેલાવી રહ્યા છે કેમ એ?
યોજના ભમરા પકડવાની ઘડી છે બાગમાં!



તમે દરરોજ આવો સ્વપ્નમાં
એની મજા શું છે?

તમારા સ્વપ્નમાં હું ક્યાંક
આવું તો મજા આવે!



## ૨૫

ફૂલની કોમળ પથારી પાથરી છે બાગમાં,
કોક દી' આવો અમારી છાપરી છે બાગમાં!

રાતરાણીએ કર્યાં મદહોશ આખી રાત ને,
કંટકોએ રાતભર ચોકી કરી છે બાગમાં!

રંગ ને સુગંધની અદ્‌ભુત રંગોળી થકી?
ના, તમારા રૂપથી આંખો ઠરી છે બાગમાં!

સંગ એવો રંગ એ વાતો અહીં સાચી ઠરી,
ફૂલ જોતાંવેંત એણે હા ભરી છે બાગમાં!

ફૂલ શરમાઈ ગયાં ને છોડ કરમાઈ ગયા,
મેં ભલા તારી કથાઓ આદરી છે બાગમાં!



રોજ મારા દિલ ઉપર
એ કાન રાખી સાંભળે,

દિલરૂબા છે કે પછી છે વૈદ્ય
સમજાતું નથી!



## ૨૬

મોરપીંછાં ઓઢતી સુંદર પરી છે બાગમાં,
હાલ જોઈ પ્રેમના કાયમ ડરી છે બાગમાં!

આટલા ઉદાસ ફૂલોને કદી જોયાં નથી,
ઝેર પીને કો'ક પ્રેમિકા મરી છે બાગમાં!

ફૂલ જેવા છો; તમારું બાગમાં શું કામ છે?
કંટકોની ખૂબ મોટી હાજરી છે બાગમાં!

તું ભલા સંભાળજે; એ જીવ લૈને જંપશે,
ફૂલની પાસે સરસ મીઠી છરી છે બાગમાં!

એકદમ આ શું થયું કે બાગ ઉજ્જડ થૈ ગયો?
સો ટકા એ બેવફા પાછી ફરી છે બાગમાં!

ડાળીઓ વિસ્તારવામાં
એકદમ મશગૂલ છે,

મૂળ ઢીલાં થૈ ગયાની
જાણ કર એને જરા!

## ૨૭

તમે આવવાના સમાચાર આવ્યા,
મને બેવફાઈના આસાર આવ્યા!

જરા જ્યાં ભરાયો ઝખમ આ હૃદયનો,
ફરી ખંજરો લઈ અણીદાર આવ્યાં!

અમે કાગળો કૈં લખ્યા પ્રેમઘેલા,
જવાબે ફક્ત 'ના' લખી તાર આવ્યા!

ઘણી રાહ જોઈ ગયો હું ઘરે ને,
પછી બાગમાં એ લગાતાર આવ્યાં!

ભર્યા શ્વાસ જેના ભરોસે હમેશાં,
મને મારવા એ વફાદાર આવ્યાં!



તમે ખંજર હુલાવીને
મને બેમોત ના મારો,

મને તાકી રહો તો પણ
તમારું કામ થૈ જાશે!



છોકરીની આંખમાં જો; ઝેર જેવું કેમ છે?
ગામ આખું તરફડીને ઢેર જેવું કેમ છે?

છોકરી જુવાન થૈ કે ગામ ગાંડું થૈ ગયું?
અંદરોઅંદર બધાંને વેર જેવું કેમ છે?

છોકરીનો ન્યાય કરવા પંચ તો ભેગું થયું,
પણ બધાના હાથમાં સમશેર જેવું કેમ છે?

છોકરીની હાજરીથી ગામ લોકો ઝગમગે,
સાવ નાનું ગામ કોઈ શ્હેર જેવું કેમ છે?

છોકરીના ઘેર કૈં મે'માન આવ્યા સામટા,
ગામમાં સૂનકાર ને ખંડેર જવું કેમ છે?



સખાવત દૂધ-ગોરસની કરી છે
ગામડામાં મેં,

સજા રૂપે હવે હું શ્હેરમાં
પાણી ખરીદું છું!



૨૯

વાયરો કેવો વસંતી થૈ ગયો!
હું અચાનક સપ્તરંગી થૈ ગયો!

એમની યાદો મહીં ડૂબી ગયો;
સૌ કહે છે હું તરંગી થૈ ગયો!

કાલ સુધી જેમની પાછળ ફર્યો,
આજ હું એનો સંબંધી થૈ ગયો!

પ્રેમની દોલત મળી તો શું થયું?
ખૂબ મોટો ચમરબંધી થૈ ગયો?

એક ધોખો પ્યારમાં એવો થયો,
જિંદગીભર શ્વેતરંગી થૈ ગયો!

એમની આંખો મળી છે ત્યારથી,
છોકરો ભારે ઘમંડી થૈ ગયો!



લખે છે રોજ મારું નામ
એના હાથમાં પારસ,

લખ્યા કરતાં, હથેળીમાં
મસળવાની મજા લે છે!



## 30

વરસતા પાણી મહીં ભીંજાય ચોમાસું સતત,
કોણ આ પલળી રહ્યું? શેકાય ચોમાસું સતત!

એમના ચ્હેરા ઉપર મોતી સમું સરકી રહ્યું,
હોઠ સ્પર્શે ને જરા શરમાય ચોમાસું સતત!

ફૂલ જેવું આજ એ વરસાદમાં મલકી રહ્યા,
ને ઉપર આકાશમાં મલકાય ચોમાસું સતત!

વરસતા તો જોરથી વરસી ગયો આ મેઘલો,
ક્યાંક છૂટા વાળમાં અટવાય ચોમાસું સતત!

એ પલળવા નીકળ્યા ને વાદળો ખાલી બધાં,
મન ભરીને પેટમાં પછતાય ચોમાસું સતત!



યારની મ્હેફિલમાં
વાતો તમારી થાય છે,

ને અમારે કૈંક સાથે
મગજમારી થાય છે!



## ૩૧

મ્હેલ જેવું એક મંજર હોય જો,
આપણે બન્ને જ અંદર હોય જો!

શોખથી ડૂબી મરું પેટાળમાં,
આ હૃદય તારું સમંદર હોય જો!

હું બનું ધરતી, મને વાંધો નથી,
તું અગર વિશાળ અંબર હોય જો!

બંધ આંખોથી મને જોયા કરે,
શું ખબર; એમાંય ખંજર હોય જો!

જીતવાની છે મજા સાચી અગર,
ત્યાં હરીફો પાંચ-પંદર હોય જો!



તું સતત જોયા કરે તો
ગેરસમજણ થાય છે,

આયનાઓમાં હવે તો રોજ
ચણભણ થાય છે!

## ૩૨

ફૂલની સુંદર મજાની નાતના સમ છે તને,
આજ તો તું આવ, આખા બાગના સમ છે તને!

આંખથી આંખો મળે ને હું નશામાં ડૂબતો,
તેં કરેલી એ બધી ખેરાતના સમ છે તને!

આપણી એ ખાસ મુલાકાતના સાથી સમા,
ચાંદ ને તારા તણી બારાતના સમ છે તને!

ખૂબ મોટા મ્હેલમાં ઉજાગરા નડશે તને,
ઝૂંપડીમાં બૂઝતા ચિરાગના સમ છે તને!

કૈંક નજરોથી છુપાઈને ભલા તું આવજે,
કાનમાં મારા કહેલી વાતના સમ છે તને!



ગાલના આ ડાઘ પર
વેધક સવાલો થાય છે,

રોજ તારા ચાહકો સાથે
બબાલો થાય છે!



નામ તારું હાથમાં છાપી દઉં તો શું થશે?
ને પછી અખબારમાં આપી દઉં તો શું થશે?

હાથતાળી ઝીલવા ના હાથ લંબાવીશ તું,
હાથને બદલે હૃદય સોંપી દઉં તો શું થશે?

સૂર લાગ્યો છે હજી તો; આટલું ના ડોલ તું,
પ્રેમનો હું રાગ આલાપી દઉં તો શું થશે?

દિલના ઊંડા કૂવામાં ના ઉતર બિન્દાસ થૈ,
હું ઉપરથી દોરડું કાપી દઉં તો શું થશે?

વરસતા વરસાદમાં તું હાથ મારો ના પકડ,
દિલમાં દીવાસળી ચાંપી દઉ તો શું થશે?



કેટલીયે ચાલ હું
શતરંજની શીખી ગયો,

એક સુંદર છોકરીને
ચાહવાની હોડમાં!



૩૪

એમની આંખે ચડ્યો છું એકલો,
ગામ આખાને નડ્યો છું એકલો!

તાપમાં એ નીકળ્યા ખુલ્લા પગે,
સૂર્ય સામે બાખડ્યો છું એકલો!

આશિકોની ક્યાં કમી છે એમના?
કેટલાથી હું લડ્યો છું એકલો!

પ્રેમરસ પીધો અમે સાથે મળી,
ભાન ભૂલી લડખડ્યો છું એકલો!

કેટલાં સપનાં અધૂરાં રહી ગયાં!
આમ તો ગાલે અડ્યો છું એકલો!

હોશ ખોયા છે; છતાં છું હોશમાં,
એકલો હસતો, રડ્યો છું એકલો!

એક હરણાને તડપતું જોઈને,
સિંહની સામે પડ્યો છું એકલો!



અર્ધબેહોશ ને ઘાયલ રહું છું
એ મળે ત્યારે,

છતાં પણ હાલ પૂછે તો કહું છું
કે મજામાં છું!



## ઉત્તરાયણ

દોરથી તૂટી ગઈ આકાશમાં,
છોકરી છૂટી ગઈ આકાશમાં!

છોકરાએ ઢીલ છોડી આંખથી,
છોકરી ઊડી ગઈ આકાશમાં!

દિલનો ફુગ્ગો ઉડાડે છોકરો,
છોકરી લૂટી ગઈ આકાશમાં!

ડોસલા માર્યા કરે છે ઠુમકા,
પણ હવા ખૂટી ગઈ આકાશમાં!

સોળ વરસોથી કરી ભેગી; હવે
બાપની મૂડી ગઈ આકાશમાં!



જે અભાગી ફૂલ ના પ્હોચ્યું
ચરણમાં દેવના,

આવતા જનમે તમારા
હોઠ સુધી પહોંચશે!



કોઈ પણ કાનૂન-બંધારણ વગર,
આંખથી હિંસા કરે કારણ વગર!

લાખ કટકા કાળજાના એ કરે,
ને કહે છે સાંધવા ઝારણ વગર!

આંખમાં એની ઘણું વંચાય છે,
પણ પછી ફાંફે ચડું તારણ વગર!

એ ગયાં ને સાવ સૂનું ઘર થયું,
જેમ સૂનો માંડવો તોરણ વગર!

સો હરણ પાછળ પડ્યો'તો એકલો,
આખરે ભૂખ્યો રહ્યો મારણ વગર!



એ મને મંદિરમાં દરરોજ
ભેગા થાય છે,

આપણી મુરાદ માગ્યા વગર
પૂરી થાય છે!



## કોરોના

એકદમ સૂમસામ જેવું કેમ છે?
શ્હેર આ સમશાન જેવું કેમ છે?

કોણ છે આ આદમીના વેશમાં?
ચોતરફ શેતાન જેવું કેમ છે?

ક્યાંય દેકારો નથી ને તે છતાં,
યુદ્ધના મેદાન જેવું કેમ છે?

માનવીને માનવી મળતાં ડરે?
હર કોઈ હેરાન જેવું કેમ છે?

મોર, કોયલ, ફૂલ ને આ વાયરા,
તે છતાં વેરાન જેવું કેમ છે?

ગામ આખું સાપસીડી રોજ
રમત રમતું થૈ ગયું,

એમની દોરે-જવાની
રંગ લાવી છે હવે!



## ૩૮

કેટલો લાંબો સમય ઘરમાં રહ્યો?
એમ લાગ્યું; સાપના દરમાં રહ્યો!

ખૂબ તૈયારી હરીફોએ કરી,
હું જ આખી રાત નીંદરમાં રહ્યો.

પ્રેમની નગરી વસાવી એમણે,
હુંય ત્યાં જઈ ક્યાંક પાદરમાં રહ્યો.

એટલે બિન્દાસ હું જીવી ગયો,
પગ અમારો સ્હેજ ચાદરમાં રહ્યો.

ખૂબ લૂંટાવ્યું હૃદય મેં પ્રેમમાં,
તે છતાં હું ક્યાંક મળતરમાં રહ્યો!



શ્હેર આખું ધમધમે ને
એ સતત ઉદાસ છે,

વતનથી કાગળ મળ્યો છે;
મા સખત બીમાર છે!



## ૩૯

કૈંક તો છે; સ્હેજ ફિક્કો તાજ લાગે છે ભલા,
કબર નીચે પ્રેમીઓ નારાજ લાગે છે ભલા.

રોજ આપે છે હૃદય ને રોજ પાછું માગતા,
ક્યાંક છાતીમાં બટન ગાજ લાગે છે ભલા.

ખંજરીના તાલ જેવી નાચતી આંખો સતત,
આંખમાં એની અનોખું રાજ લાગે છે ભલા.

રોજ સામે એ મળે પણ આંખ મેળવતા નથી,
સાવ નોખો પ્રેમનો અંદાજ લાગે છે ભલા.

ગામ આખું એમની આંખે ચડ્યું કે શું ભલા,
કેમ આખું ગામ આ તારાજ લાગે છે ભલા?



માટલે પાણી ભરી
ચૂલે મૂકે મજબૂર મા,

રાહ જોઈ બાળકો
ભૂખ્યાં જ ઊંઘી જાય છે!



## ૪૦


રાતભર દીવા થયા મંદિરમાં,
દેવ બંધાઈ ગયા જંજીરમાં!

એમ કૈં નિશાન પર લાગે નહીં,
એમની શ્રદ્ધા ભળી’તી તીરમાં.

ચાહવા ના ચાહવાથી શું વળે?
આખરે તો તું જ છે તકદીરમાં.

કૈં નથી પણ તે છતાં ધનવાન છું,
એમની યાદો બચી જાગીરમાં.

જાય તે પાછું કદી આવે નહીં,
તે છતાં સૌ શોધતા તસવીરમાં.



મારા હાથે એક મજાની
રેખા ઉપસી આવી છે,

આજ ગુલાબી ચિઠ્ઠી દ્વારા
સામેથી હા આવી છે.



એક છોકરીના ગાલેથી ઊડે ગુલાલ;
એણે આંખોમાં આંજી રંગોળી,
ગામ આખાના હૈયામાં હોળી!

છોકરીની હરણીશી ચાલ જોઈ ડોસાઓ;
ખાલી-ખાલીય ખાય ખાંસી,
ડાકણશી ડોશીઓનું ચાલે તો આપી દે;
છોકરીને ચાર પાંચ ફાંસી!

કૈંક છોકરાઓ મનમાં ને મનમાં બેહાલ;
કૈંક મા-બાપે લાપસીઓ ચોળી,
ગામ આખાના હૈયામાં હોળી!

શેરીના સાવ સીધા છોકરાની આંખોમાં,
છોકરીએ આંખ સ્હેજ ભોંકી,
એવામાં ઓચિંતા આવ્યા મે'માન; અને
છોકરીને કંકુથી પોંખી!

ઢોલ ધબક્યા ને છોકરીના ઘરમાં ધમાલ;
એની આંખો તો તેમ છતાં ભોળી,
પેલા છોકરાના હૈયામાં હોળી!

તમારી નજર જો મળે
તો અમીરી!

તમારી નજર ના મળે
તો ગરીબી!



## મજદૂરી - મજબૂરી

હિમાલયના શિખર જેવી અમારી વેદનાઓ છે,
કદી ના ઓગળે એવી અમારી વેદનાઓ છે.

તમારા મ્હેલ બાંધ્યા છે અમે ઘરબાર છોડીને,
મળ્યો ના ઓટલો કેવી અમારી વેદનાઓ છે!

કરી કાળી મજૂરી ખેતરે ભંડાર છલકાવ્યા,
ધર્યો ના રોટલો એવી અમારી વેદનાઓ છે!

બનાવ્યા કારખાના, પુલ ને વિકાસની કેડી,
નથી એ ચાલવા જેવી, અમારી વેદનાઓ છે!

વતન પાછા જવા પણ સાત કોઠા વીંધવાના છે,
હવે કોને કહું કેવી અમારી વેદનાઓ છે!



ઘણાં સુખ છે
આમ તો જિંદગીમાં,

તમારી નજરથી
વધારે કશું નૈ!



તમારું સ્મિત જોઈને હસે છે ચાંદ ને તારા,
પછીની વાત ના પૂછો ફસે છે ચાંદ ને તારા!

ઊગે સૂરજ તમારી મ્હેરબાની થાય જો થોડી,
તમારી ના ઉપર તો ક્યાં ખસે છે ચાંદ ને તારા!

તમારી હાજરીમાં ખૂબ શીતળ ચાંદની લાગે,
તમે ના હોય તો રાતે ડસે છે ચાંદ ને તારા!

ગજું મારું નથી કે હાથમાં લઉં આભમાં જૈને,
તમારી ઓઢણીમાં પણ વસે છે ચાંદ ને તારા.

તમે મારા થયા એ રાતથી ખરતા રહે છે એ,
હવે ખાલી હથેળીને ઘસે છે ચાંદ ને તારા!



આટલી ખારાશ સાગરને
નહીં ફાવે હવે,

એ વિજોગણને કહો
આંસુ ન છલકાવે હવે!



સાવ નીચી ડાળ છે, માળો ન કર,
જીવની જંજાળ છે, ઢાળો ન કર!

જેમનો ધંધો બન્યો આંદોલનો,
એમના માટે હવે ફાળો ન કર.

ઘા હજી તો માંડ રૂઝાયો હશે,
ચૂંટણી ટાણે ફરી આળો ન કર!

બાદબાકી જેમની લોકો કરે,
એમનો તું ક્યાંય સરવાળો ન કર!

લાખ તું કોશિશ કર એળે જશે,
સાચની સામે ભલા પાળો ન કર!



છે નગર મારું છતાં
ભટકી જવાની ટેવ છે,

એમની શેરી મહીં
અટકી જવાની ટેવ છે.




કેટલાયે ઘૂંટ કડવા બેફિકર થઈ પી ગયો,
મોજથી જીવી જવાનું રાજ સમજાવી ગયો!

જીતની બાજી હતી; હાથે કરી હારી ગયો,
ભલભલા ભડવીરને એ આજ શરમાવી ગયો!

આહની સાથે હૃદયમાંથી પવન પણ નીકળ્યો,
ને પછી પાલવ તમારો સ્હેજ લ્હેરાવી ગયો!

એકલો આવ્યો હતો ને એકલો ચાલી ગયો,
તે છતાં પણ એ બધાની આંખ છલકાવી ગયો!

એમનો મોઘમ ઈશારો આ તરફ આવી ગયો,
કેટલાયે દિલના ધબકાર અટકાવી ગયો!



ગામ આખું જાળ ગૂંથે છે
પકડવા જીવતો,

ને મને પાણી પઠમ
છટકી જવાની ટેવ છે!



૪૬

## તાપમાં...

છોકરી પાણી ભરે છે તાપમાં,
છોકરો તરસે મરે છે તાપમાં!

ગામના કૈં ડોસલા કૂવા ઉપર,
એમની ચોકી કરે છે તાપમાં!

છોકરો ને છોકરી સામાં મળે,
બેયની આંખો ઠરે છે તાપમાં!

છોકરીના ઘર પછાડે છોકરો,
ખામખા ફેરા કરે છે તાપમાં.

પ્રેમઘેલા છોકરાની આંખમાં,
કેટલાં સપનાં તરે છે તાપમાં!

ને અચાનક જાન આવી ગામમાં,
છોકરી ફેરા ફરે છે તાપમાં!



અકાળે પાનખરમાં
આ વસંતી વાયરા ક્યાંથી?

હવાને સો ટકા એની
હવા લાગી હશે પારસ!



## ૪૭

ગામ આખું સળવળે છે તાપમાં,
ક્યાંય પણ ના કળ વળે છે તાપમાં!

બોર ખાવા નીકળે સૌ છોકરાં,
ને ઉઘાડા પગ બળે છે તાપમાં!

આમલી ને પીપળીના ખેલમાં,
ઝાડ આખાં ખળભળે છે તાપમાં!

ગામના છોરાં ગધેડા પર ચડી,
કાન મોટા આમળે છે તાપમાં!

લાલ-પીળા રંગ છાંટીને ઉપર,
બરફના ગોળા મળે છે તાપમાં!

ઝાડ નીચે ખાટલો ઢાળી અને,
ડોસલા વાતે વળે છે તાપમાં!

હાથપંખા વીંઝતી ડોશી ઉપર,
માખીઓ ટોળે વળે છે તાપમાં!

એક ટીપું જળ મળે ના સીમમાં,
ઢોર-ઢાંખર ટળવળે છે તાપમાં!

આગના તોફાન જેવા વાયરા,
મૃગજળ થઈ ખળભળે છે તાપમાં!



રોજ ફેંકે ફૂલ એ
મારા ઉપર સંતાઈને,

છે શરારત કે પછી
એ ભાવ શ્રદ્ધાનો હશે?



## ૪૮

પ્યારમાં એવો નકામો થૈ ગયો,
લાખમાંથી બે ટકાનો થૈ ગયો!

આ વફાદારી મને ભારે પડી,
સૌ કહે છે 'બેવફા'નો થૈ ગયો!

બાગ એ નો એ જ; ને એ બાંકડો,
છોડ એ વાતો; જમાનો થૈ ગયો!


એમને મન માત્ર એ વાતો હતી,
ને અમારે મન ખજાનો થૈ ગયો!

આટલી તારીફ તે હોતી હશે?
આજ હું આખી સભાનો થૈ ગયો!



નજર મળતાં જ એણે
ફેરવી લીધી નજર એની,

હજી બાલિશ છે;
કે છે પછી માહેર ખેલાડી!



૪૯

પ્રેમની વેણુ વગાડે વાયરો,
ગામ આખાને દઝાડે વાયરો!

ઘર તરફથી એમના આવે સતત,
ને અમારા મન બગાડે વાયરો!

એમની ખુશ્બૂ લઈને આવતો,
રાતભર અમને જગાડે વાયરો!

કૈંકની ઈચ્છા અધૂરી રહી અને,
એમની લટને રમાડે વાયરો!

એમને એકીટશે તાકું અગર,
એક મોટી ચીસ પાડે વાયરો!

એમની શેરી તરફ હું જાઉં તો,
સાદ પાડીને ભગાડે વાયરો!

એમનો પાલવ ઉડાડે લ્હેરથી,
ને પછી વાતો ઉડાડે વાયરો!



કેટલાયે ચાહકોની
ભીડ ત્યાં મોજૂદ છે,

લાખ કોશિશો છતાં
દિલમાં જગા આપી નહીં.



૫૦

બધી જિંદગીની સફર યાદ આવી,
ઢળી સાંજ ત્યારે કબર યાદ આવી!

નજરથી નજર જ્યાં મળી આખરે ત્યાં,
તમારી પહેલી નજર યાદ આવી!

પહેલી મુલાકાત માટે તમે જે,
મને મોકલેલી ખબર યાદ આવી!

તમારા સહારે સહારે વટાવી,
મને પ્રેમની એ ડગર યાદ આવી!

ભરી લો હૃદયમાં નજરથી અમોને,
પછી ના કહો; ઉમ્રભર યાદ આવી!



એ મને દરરોજ કે'છે
કે રહું ઓકાતમાં,

ખૂબ ઊંચે એ ઊડે છે;
દોર મારા હાથમાં!



૫૧

## રાતવાસો

તમારા ઘરે શું કરે રાતવાસો?
અમોને કદી ના ફળે રાતવાસો!

પડે રાત ને ઘોર અંધાર જામે,
નજર કૈં ન આવે નડે રાતવાસો!

મળે આંખથી આંખ ને હોશ ગાયબ,
ખરેખર નકામો પડે રાતવાસો!

ન હોશો-હવસ ના રહે ભાન કોઈ,
મદિરા બનીને ચડે રાતવાસો!

ઢળે આંખ આ ઝુલ્ફની છાંવમાં બસ,
ફરીથી મળે; ના મળે રાતવાસો!



છે અદાલત બાગની;
ને ફૂલનો આરોપ છે!

છે ખતા મારી;
લખી નાખી ગઝલ તારા ઉપર!



## મોરલી

મોરલી ના હોઠથી અળગી કરી,
એ જ વાતે ગોપીઓ સળગી મરી!

ને મધુરા સૂરથી નારાજ થૈ,
કૈંક તો ગોકુળમાં ગરજી મરી!

મા યશોદાને ચડાવે કેટલી,
નંદરાજાને કંઈ અરજી મળી!


મોરલીનાં મૂળ કાઢી નાખવા,
કૈંક જંગલમાં જઈ તરસી મરી!

આખરે સૌ કાનજીના પ્રેમમાં,
મોરલીને મન ભરી વળગી મરી!



કોઈ માને પૂછ
બાળકના પ્રસવની વેદના,

ને ભલા આ તો ગઝલ છે,
દિલ ટકે તો ક્યાં સુધી?



## ૫૩

ગામડા ને શ્હેરની વચમાં રહ્યો,
સ્હેજ ભોળો; સ્હેજ લાલચમાં રહ્યો!

ગામથી આવી ગયો છે શ્હેરમાં,
મુખવટો ઓઢી બનાવટમાં રહ્યો!

એક પગ પર તપ કરે છે રોજ એ,
તે છતાં શિકારની તકમાં રહ્યો!

ખૂબ મોટા મ્હેલ બાંધ્યા શ્હેરમાં,
ગામડે જઈ ઘાસની છતમાં રહ્યો!

ક્યાંક તકતીની કરે ચિંતા છતાં,
એકદમ મોટી સખાવતમાં રહ્યો!



કાં મદિરા, કાં તમે;
બસ એકથી ચાલી જશે,

પણ ગઝલ વિના અમારું
જીવવું સંભવ નથી!



## કૃષ્ણ વેદના


ટચલી આંગળીએ હું પર્વત ઉપાડું,
પણ કોરોના કેમ કરી કાઢું ?
એક બિલાડું ઊતર્યું છે આડું!

હું યે પુરાયો છું, મંદિરે આજ ભલા,
મુજને પણ જીવની પડી છે!
ભૂરી બિલાડીનું બૂચું છે નાક છતાં,
દુનિયામાં સૌને નડી છે!

જમના નદીમાં કાળીનાગ નાથું,
પણ કોરોનો કેમ કરી નાથું?
એક બિલાડું ઊતર્યું છે આડું!

મુખડું છુપાવીને; દો ગજની દૂરીથી,
રાધાએ વાતો કરી છે!
વાસીદું વાળીને, વાસણ અજવાળીને,
ભક્તોની આંખો રડી છે!

અન્યાય સામે હું યુદ્ધો જીતાડું,
પણ કોરોના કેમ કરી કાઢું?
એક બિલાડું ઊતર્યું છે આડું!



આજે એના કાગળ ગંગામાં
પધરાવી આવ્યો છું,

હિંમત ના ચાલી તો તસવીરો
હું પાછી લાવ્યો છું.



## ૫૫

તમે આવો અને મ્હેકી ઊઠે મોસમ, તમારા સમ!
હૃદયમાં ઝણઝણે સિતારની સરગમ, તમારા સમ!

તમે ચંદન, તમે કુંદન, તમે રેશમ, તમારા સમ!
તમે ગંગા અને જમના તણો સંગમ, તમારા સમ!

હજારો રાતરાણીની તમે ફોરમ, તમારા સમ!
પ્રથમ વરસાદ ભીની રેતની સોડમ, તમારા સમ!

તમારું નામ લઉંને તારલા ટમટમ, તમારા સમ!
અમાસી રાત પણ થઈ જાય છે પૂનમ, તમારા સમ!

બિછાવી મોગરાના ફૂલની જાજમ, તમારા સમ!
ન આવો આજ તો તમને અમારા સમ, તમારા સમ!



પ્રેમ કરવાની ઘણી
રીતો હતી બન્ને તરફ,

પણ કટીલા તાર ને
ભીંતો હતી બન્ને તરફ!



રાતરાણીના સુગંધી તેલ જેવી છોકરી,
ને ઋષિના તપ મહીં ખલેલ જેવી છોકરી!

ગામ આખું આંખ ફાડીને સતત તાકી રહે,
કોઈ મોટા રાજવીના મ્હેલ જેવી છોકરી!

કેટલાયે ગણગણે છે ગીત એના નામના,
અવનવી અંતાક્ષરીના ખેલ જેવી છોકરી!


બાવળોના થડ સમા કૈં છોકરા પાછળ ફરે,
ઝાડને બાથે પડેલી વેલ જેવી છોકરી!

મોર જેવો છોકરો ને ઢેલ જેવી છોકરી,
ભૂલથી ફેરા ફરે તો જેલ જેવી છોકરી!



પ્રસવપીડા પછી જે
હાશકારો મા અનુભવતી,

ગઝલ પૂરી કરું ને કૈંક
એવું થાય છે અમને!



## ૫૭

એ હસે તો એકદમ સિતાર જેવી છોકરી,
આંખથી સંભાળજે; તલવાર જેવી છોકરી!

કૈંક હેમાળે જઈને હાડ ગાળી નાખતા,
ને બધા ઉપનિષદોના સાર જેવી છોકરી!

કેટલા તૈયાર છે કંડારવા તેજોમહલ?
એકદમ મુમતાઝના અવતાર જેવી છોકરી!

મોરપીંછા હાથમાં લઈ છોકરા ટહુકા કરે,
ક્યાંક જો વરસે અષાઢી ધાર જેવી છોકરી!

ચાંદ ને તારા બતાવે પણ કશું આપે નહીં,
કોઈ મોટા દેશની સરકાર જેવી છોકરી!



ઘેર એના રાત રોકાવા
કહે છે એ મને,

ભક્ત ક્યાં મંદિરમાં
રોકાય છે તે હું રહું?



## ૫૮

ગામ આખું ઝગમગાવે છે મને સળગાવવા,
ઘર અમારું રોજ ટાળે છે મને સળગાવવા!

મેં લખેલા પ્રેમગીતો ગણગણાવે છે સતત,
ને બધાને સંભળાવે છે મને સળગાવવા!

એ છલોછલ માટલી માથે મૂકી પાણી ભરે,
ખુદ ઉપર છાંટા ઉડાડે છે મને સળગાવવા!

આંખમાં કચરો પડે ને કૈંકને ભેગા કરે,
દૂધ બિલ્લીને ભળાવે છે મને સળગાવવા!

જાન આવી બેવફાના ઘેર એનો રંજ શું?
એ અમારું ઘર સજાવે છે મને સળગાવવા!



એ મળે રસ્તા ઉપર ને
આહ જો ના નીકળે,

તો પછી મારી ગઝલમાં
વાહ ક્યાંથી નીકળે?



## ૫૯


ગામની વચ્ચે મજાની એક શેરી યાદ છે,
કેટલાં વરસો થયાં પણ એક બારી યાદ છે!

એ અષાઢી બીજના મેળા મહીં ભેગા થવું,
ને પછી ચકડોળની ભેગી સવારી યાદ છે!

લીમડાના ઝાડ પાછળથી છુપાઈ મેં તને,
રંગ જે છાંટ્યો હતો એ પિચકારી યાદ છે!


ભર બપોરે ઘર મહીં મારા તને જોયા પછી,
ગામ વચ્ચે એક ડોશીની લવારી યાદ છે!

જાન આવી ગામમાં ને જાન લઈ ચાલી ગઈ,
તે છતાં જીવી ગયો, હાલત અમારી યાદ છે!



સ્વર્ગ ને જન્નત જવા
જુદી કતારો થાય છે,

મેં ઉપર જોયું તો
એક જ બારણું ખોલાય છે!



૬૦

એ તરફ ને આ તરફ સરખી મજૂરી થાય છે,
ક્યાંક ડોલર, ક્યાંક એના રૂપિયા ચૂકવાય છે.

આગગાડીમાં અમે ને એ ઊડીને જાય છે,
વિપદા વખતે વતનની દોટમાં અટવાય છે.

કોઈ ખાતા રોટલા ને બ્રેડ કોઈ ખાય છે,
બેયને સપનાં મહીં ઘર-ગામડું દેખાય છે!


સાયકલ પર એક, બીજો કારમાં ભટકાય છે,
હાથ-પગ ચાલે નહીં તો દૂર એ ફેંકાય છે.

ચળકતા સોના મહીં તાંબુ પછી પરખાય છે,
જિંદગીમાં ખૂબ મોડો ખેલ આ સમજાય છે.



ગામનું પ્રત્યેક ફળિયું
એકદમ મ્હેકી રહ્યું,

સો ટકા આ ગામમાં એ
કોક દી’ આવ્યા હશે!



## ૬૧

તું જ કરજે પ્હેલ, એનું મન કદી કહેતું નથી,
કોઈ ઝરણું ખીણથી પર્વત તરફ વહેતું નથી!

આંધળો વિશ્વાસ ના કર પ્રેમસાગર પર કદી,
પથ્થરો ડૂબી જશે, આ રામનો સેતુ નથી!

શ્રાવણી વરસાદ થૈને તું વરસજે આ વખત,
ફૂલની અદલા-બદલનો આમ કૈં હેતુ નથી!


નામ જપવાથી નહીં બદલાય આ વિરહ-દશા,
બેવફા છે; એ કોઈ રાહુ અને કેતુ નથી!

તું, મદિરા ને ગઝલની ક્યાંય જો મ્હેફિલ મળે,
તો પછી આ સ્વર્ગ મારા કામનું રહેતું નથી!



હવે તો સ્વપ્નમાં પણ
એ મને જોવા નથી મળતા,

છબિ ના હોય ઓશિકા તળે
જો એમની રાતે!



## ૬૨

આંગળી પર ગોવર્ધનના ભારનો વૈભવ હતો,
શ્રીહરિ પાસે જગતના સારનો વૈભવ હતો!

મેં મયૂરાસન બનાવ્યું'તુ હૃદયમાં હેમનું,
એમની આંખો મહીં પણ પ્યારનો વૈભવ હતો!

પ્રેમની દોલત ભરી'તી મેં હૃદયમાં કેટલી,
એમની કટાર પર પણ ધારનો વૈભવ હતો!

છીછરા સાગર કિનારાથી ઘણા અંજાય છે,
હું થયો ગરકાવ જ્યાં મઝધારનો વૈભવ હતો!

એ મહોબતની મજા થૈ બેવડી; કારણ કહું?
એ સમયમાં ચાર સારા યારનો વૈભવ હતો!



કૈંક ઈચ્છાઓ અહીં
એની અધૂરી રૈ ગઈ,

પ્રાણ છૂટયા પણ બગલમાં
ક્યાંક છૂરી રૈ ગઈ!



## ૬૩

કોઈ કે'છે સોળ ને કોઈ કહે સત્તર થયાં,
એ જ વાતે ગામમાં બે જૂથ તાકતવર થયાં!

રૂપની સુગંધ ફેલાઈ ગઈ છે ચોતરફ,
એમના નામે ભલા વેચાણ કૈં અત્તર થયાં!

ખૂબ મોટી જાનહાનિ થૈ શકે છે ગામમાં,
આંખમાં બંદૂક રાખી એ હવે ગબ્બર થયાં!

એ છટાથી નીકળ્યા પણ આંખ ઊંચી ના કરી,
શું થયું કે આજ તેઓ એકદમ પથ્થર થયાં?

નામ કોઈ હાથમાં એણે લખ્યું મ્હેંદી વડે,
ને હજારો શ્વાસ આખા ગામના અધ્ધર થયા!



પ્રેમનો મારગ ખરેખર
એટલો લાંબો નથી,

બારીઓ બન્ને તરફથી
સ્હેજ ખુલ્લી હોય જો!



## ૬૪


સોળમા વરસે જ એનું ખૂબ મોટું નામ છે,
કેટલા ઝઘડા થયા ને કેટલા બેફામ છે!

ગામના કૈં છોકરાઓ રોજ આંટા મારતા,
એમની શેરી હવે તો જાતરાનું ધામ છે!

બાપ-દાદાએ કરેલા પુણ્યનું ઈનામ છે,
અવતર્યા છે એ અહીં ને આપણું પણ ગામ છે!


કૈંક ડોસા હાથના નેજાં કરી નીરખી રહ્યા,
હાલ પૂછ્યા તો કહે છે એકદમ આરામ છે!

કેટલાયે કતલના ઈલ્જામ લાગ્યા છે છતાં,
જજ કહે છે કાયદેસરનું જ એનું કામ છે!



અમારી ફૂલ જેવી વાત
ત્યાં પ્હોંચે કઈ રીતે?

હૃદય લોખંડનું, ને
ચોતરફ જંજીર બાંધી છે!



## ૬૫

અંદર અંદર લોહીના ઉકાળા કરતો આવ્યો છું,
એને કોઈ તાકે તો હોબાળા કરતો આવ્યો છું!

કોઈ કુંડાળામાં એનો પગ પડતો અટકાવા થૈ,
છાના-માના દેવાળાં-ભોપાળાં કરતો આવ્યો છું!

એની સુંદરતાને કોઈ નજર ન લાગે એ માટે,
સપનામાં જઈ ગાલે ટપકાં કાળાં કરતો આવ્યો છું!


આંખોથી આંખો મળતાં એ રૂપ વધારે નિખરે છે,
ધારી-ધારીને જોઈ, રૂપાળા કરતો આવ્યો છું!

મારી શેરીની માટીમાં ખુશ્બૂ માટે થૈને હું,
એની શેરીના ફેરા પગપાળા કરતો આવ્યો છું!



નકામું જોર મારે છે
ઉનાળો તાપ વરસાવી,

તમારી પાંપણોના છાંયડે
મારો વિસામો છે!



નાના-નાના સુખોના સરવાળા કરતો માણસ છું,
હું મારા ઘરમાં પંખીના માળા કરતો માણસ છું!

મ્હેલ અમારો વેચીને મેં શાળાઓ બંધાવી છે,
ભીડ પડે તો કર જોડીને ફાળા કરતો માણસ છું!

કોઈ રડતા બાળકને છાનું રાખું તો ખૂબ થયું,
એ માટે હું જોકર જેવા ચાળા કરતો માણસ છું!


નફરતના એ ધસમસતા રેલાને અટકા'વા માટે,
પ્રેમ-કરુણાની માટીના પાળા કરતો માણસ છું!

અંધારું જામ્યું જે ઘરમાં કારણ ચાહે કોઈ હો,
પોતાને બાળીને ત્યાં અજવાળા કરતો માણસ છું!



એમના બે હાથમાં
સુહાગની મ્હેંદી હતી,

ને અમે બે-ચાર ચિઠ્ઠી
આગમાં ફેંકી હતી!



૬૭


કાચના આ દિલ ઉપર કૈં ઘાવ કરતા જાય છે,
એ ફટાફટ આંખથી પથરાવ કરતા જાય છે!

ધાર પાલવની અડી ને લોહી ભીનો થૈ ગયો
ને ઉપરથી નમકનો છંટાવ કરતા જાય છે!

આંખ નાખી આંખમાં પીધા કરે છે એ મને,
હૃદયના સાગર મહીં ગરકાવ કરતા જાય છે!

હાટ માંડી હૃદયમાં મેં, રોજ એ આવેય છે,
પણ કશું લેતા નથી, બસ ભાવ કરતા જાય છે!

ગામ આખું સાવ ખાલી થાય તો રાહત રહે,
એ બધા સંબંધનો નિભાવ કરતા જાય છે!



કેદખાને આજ
બંદી થૈ ગયો,

એક યાચક
સ્વાવલંબી થૈ ગયો!



## ૬૮

હસાવે છે, રડાવે છે, નચાવે છે, નઠારી છે,
તમાશાઓ કરાવે છે, મહોબત તો મદારી છે!

તમારી એક ના પર જિંદગી બરબાદ! એ કરતાં,
મનોમન ચાહવાની આ અવસ્થા ખૂબ સારી છે!

ગ્રહો બદલાય છે કાયમ, ગ્રહોની ચાલ ન્યારી છે,
અમારા ઘર તરફથી આવ-જા એણે વધારી છે!

તમારું નામ લીધું ને સભામાં વાહવાહી છે,
ગઝલ મેં સંભળાવી તો કહે છે કે લવારી છે!

મહોબતમાં અમારી રોજ સિંહોની સવારી છે,
છતાં એકંદરે આખોય સોદો લાભકારી છે!



કૈંક કિસ્સા યાદ છે
એની મહોબતના મને,

પણ વિરહની વાત કરવાની
હવે હિંમત નથી!

## ૬૯

એમના વિશે સતત વિચારવાની આદતો,
સાવ ખોટી શક્યતાઓ ધારવાની આદતો!

આ ચરણને એ ગલીની ધૂળ સાથે દોસ્તી,
કેમ છૂટે રોજ આંટા મારવાની આદતો!

રીસ ભારે છે પરંતુ આખરે માની જતા,
ને અમે પણ કેળવી છે હારવાની આદતો!

સાવ એ ભૂલી ગયા કિસ્સો અમારા પ્રેમનો,
ને અહીં છે રોજ આંસુ સારવાની આદતો!

દિવસો ને રાત ગણતાં કૈંક વરસો થૈ ગયાં,
માંડ છૂટી એમને સંભારવાની આદતો!



આંસુઓ છુપાવવાનું
બહુ સરસ બ્હાનું મળ્યું,

એમની વિદાયના ટાણે જ
ચોમાસું મળ્યું!



## ૭૦

પ્રેમના ગીતો બધે ગાતો ફરે છે વાયરો,
ને બધેથી ઠોકરો ખાતો ફરે છે વાયરો!

એમની લટ સ્હેજ પંપાળી હતી મેં ત્યારથી,
દાઢમાં રાખીને કતરાતો ફરે છે વાયરો!

રેશમી ગાલે શરમના શેરડા ચૂમ્યા હશે,
એટલે તો રોજ શરમાતો ફરે છે વાયરો!


માત્ર દીવાના ભરોસે રાત કાઢીશું સનમ?
આટલામાં ક્યાંય સંતાતો ફરે છે વાયરો!

જે તરફનો હો પવન સૌ એ તરફ દોડી રહ્યા,
ને અચાનક રોજ બદલાતો ફરે છે વાયરો!



આ તરફ હમણાં તમારી
આવ-જા બહુ થાય છે,

પ્યારની બાજી અમારી
ગોઠવાતી જાય છે!



## ૭૧

આમ જુઓ તો પથ્થર લાગે,
આમ સુગંધી અત્તર લાગે!

એને જોઈને સમજાયું,
કેવો સંગેમરમર લાગે!

એની સાથેના સોદામાં,
હરહંમેશાં મળતર લાગે!

જાદુ જેવી એ આંખોમાં,
અમને જંતર-મંતર લાગે!

ઈચ્છાધારી મનનાં પંખી,
ઊડવા માટે તત્પર લાગે!

જે શેરીમાં પગલાં પાડે,
ઘર-ઘરમાં ત્યાં અવસર લાગે!

રૂપ તણી દોલત સામે સૌ,
પરચૂરણ ને ચિલ્લર લાગે!

એના ઘરમાં બેઠો છું ને,
કેમ મને મારું ઘર લાગે?



આ બાજુ સૌ
ટીપાં માટે તરસે છે,

એ બાજુ એ
વાદળ થૈને વરસે છે!

